શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત

# સત્સંગ સેવક

એપ્રિલ, ૨૦૨૫




શ્રીસ્વામિનારાયણ સત્સંગ હોલ ભજનબાગ-સુરતમાં થયેલ રંગોત્સવની ઝાંખી...









: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ



: પ્રેરક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

# સત્સંગ સેવક


પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ
વડોદરા-૧૮, મો.નં. ૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

પ્રકાશન તિથિ : સં.૨૦૮૧ ચૈત્ર સુદ-૮, તા.૦૫/૦૪/૨૦૨૫ શનિવાર

www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org

9601290051 swaminarayan
swaminarayanbhagwan


## અનુક્રમણિકા


3 દુ:ખદાયી માન
- પ.પૂ.શ્રીગુરુજી

4 વિકટ વેળાએ વાલમો વહારે આવ્યા
- પ.પૂ.શ્રીગુરુજી

6 સુખી થવાનું સાચું સ્ટેન્ડ શું ?
- સાધુ ઈશ્વરચરણદાસ

8 કમાણી
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

9 વર વિનાની જાન...
- સાધુ સાકારસ્વરૂપદાસ

10 આપણી અંદર ગુપ્ત દિવ્ય ખજાનો !
- સાધુ અનાદિસ્વરૂપદાસ

12 સત્સંગનો પ્રબળ પ્રતાપ
- સાધુ પ્રસન્નવદનદાસ

14 હમદર્દી કે હમ દર્દી
- સાધુ સંકીર્તનદાસ

16 હરિસ્મૃતિના વિક્ષેપકો
- સાધુ આત્મીયસ્વરૂપદાસ

18 સત્સંગ સમાચાર


## સત્સંગ સુધા

નાનામાં પણ કોઈક તો, હોય જ મોટા મહાન;
દિલથી તેના દાસ રહી, લાભ લઈ લ્યો જ્ઞાન.
મોટા માની કોઈકને, રહો તેના અતિ દાસ;
જ્ઞાન લાભ બહુ જ થશે, સત્સંગ કરતા ખાસ.



કાવ્યકૃપા

# દુઃખદાયી માન

માન જેવી બુરી બલા, જગમાં નથી જ કોય;
જ્ઞાન માન આવે પછી, દુઃખના દાડા હોય...૦૧


જ્ઞાન બુદ્ધિ આદિ ધનાદિ, બધી જ પ્રાપ્તિ હોય;
છતાં નિર્માની દાસ રહી, જીવે છે વિરલા કોય...૦૨

જ્ઞાન આવડતનું માન તો, જ્યાં ત્યાં જોવા મળે જ;
સાચો સત્સંગ કરો તો, નક્કી માન ટળે જ...૦૩

પૈસાનું અભિમાન તો, જ્ઞાન કોને ન હોય;
પ્રાયઃ આ બ્રહ્માંડમાં, હોય નિર્માની કોય...૦૪

જ્ઞાન અભિમાની સાથે, જીવવું કઠણ ગણાય;
માની ન થાય નિર્માની, પરથી સહન ન થાય...૦૫

રચયિતા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ
તા.૯/૮/૨૦૨૪, કુંડળધામ




પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૩૦/૦૭/૨૦૨૩ ને સોમવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરામાં કરેલ મનનીય પ્રવચન

કથામૃતમ્

# વિકટ વેળાએ વાલમો વહારે આવ્યા

- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ



વહાલા ભક્તો ! આ સત્સંગમાં વહાલા મહારાજ હાજરાહજૂર છે. હૃદયના શુદ્ધ ભાવથી આર્તનાદે કરેલી પ્રાર્થના પ્રભુ જરૂર સાંભળે છે. એના ઉપર એક અદ્ભુત ચરિત્ર છે.

અમદાવાદમાં એક ચુનીલાલ પટેલ હતા. તે પાકા સત્સંગી અને તેમની પાસે રૂપિયા પણ બહુ. એમના મનમાં એમ થાય કે, મારે ભગવાનને અને સંતોને રાજી કરી જ લેવા છે. ભગવાન અને ભગવાનના સંતો-ભક્તોને અર્થે આ સંપત્તિ મારે વાપરી નાંખવી છે. તેમને માટે સંપત્તિ વાપરી નાંખવી એ જ આ સંપત્તિનું સાર્થકપણું છે; એવું એ સમજતા.

એકવાર આ ચુનીલાલ પાટીદાર ભક્તોનો સંઘ કાઢીને છપૈયાપુરની યાત્રા કરવા સારુ નીકળ્યા. ભજન કરતાં કરતાં અયોધ્યા પહોંચ્યા. ત્યાં સરયુ ગંગામાં સ્વામિનારાયણ...સ્વામિનારાયણ બોલીને સ્નાન કર્યું. પછી તે નદી ઊતરીને ગામ બિલવા બજારના વનમાં આવ્યા.

તે સમયે તે સંઘની એક ભક્ત બાઈ સર્વે સંઘથી પાછળ રહી ગઈ અને થોડું વેળું પડી ગયું. પછી તે બહેનને સંઘ ન દેખાવાથી ઝડપથી ચાલવા લાગ્યાં. વચમાં બીજો માર્ગ આવ્યો પણ ત્યાં કોઈ માણસ મળ્યું નહિ, એટલે ભૂલથી એ બીજા માર્ગમાં ચડી ગયાં. એકાદ ગાઉ ચાલ્યાં, છતાં કોઈ માણસ ન દેખાયું. એટલે ડોશી ત્યાં ઊભાં ઊભાં 'ચુનીલાલ...એ ચુનીલાલ' એમ પોકારવા લાગ્યા, પણ કાંઈ જવાબ મળ્યો નહીં. ત્યારે પોતે એમ જાણ્યું જે, એ તો ઉતાવળા ચાલ્યા એટલે આગળ નીકળી ગયા હશે; એમ માનીને તે પણ અતિ ઉતાવળા ચાલવા માંડ્યાં. તે ચાલતાં ચાલતાં બે-ચાર ગાઉ એમ ને એમ ખોટે માર્ગે ચાલ્યા ગયાં. પછી સૂર્યનારાયણ અસ્ત પામી ગયા અને અંધારું થઈ ગયું. ત્યારે ડોશીને હૃદયમાં અતિ બીક લાગી એટલે શ્રીજીમહારાજને પ્રાર્થના કરવા લાગ્યાં.

'હે મારા નાથ ! હે મહારાજ ! હે ધર્મ-ભક્તિના પુત્ર ! હે ઘનશ્યામ મહારાજ ! હે દયાળુ ! હું આ ઘોર જંગલમાં અજાણી વાટે ચડી ગઈ છું. તમે જ મારી રક્ષા કરો. નહિ તો વાઘ આવશે કે ચોર આવશે અને મને મારી નાંખશે. મારી પાસે ઘરેણું છે, રૂપિયા છે; તે લઈ જાશે. માટે હે નાથ ! મારી વહારે આવો.' એમ ડોશીએ પ્રાર્થના કરી.

પછી ત્યાં એક વડનું વૃક્ષ હતું. બહુ બીક લાગી એટલે ડોશી ગમે તેમ કરીને તે વડ ઉપર ચડી ગયાં અને સ્વામિનારાયણ...સ્વામિનારાયણ એવું નામ પોકારી આર્તનાદથી ભજન કરવા લાગ્યાં. ભગવાન તો ભક્તના હૃદયની પ્રાર્થના જરૂર સાંભળે છે.

શ્રીકૃષ્ણ ભગવાન મહાભારતના ઉદ્યોગપર્વમાં સંજયને કહે છે,

> ऋणमेतत् प्रवृद्धं मे हृदयान्नापसर्पति।
> यद् गोविन्देति चुक्रोश कृष्णा मां दूरवासिनम्।।

ભગવાન કહે છે, 'દ્રૌપદીજીનું ઋણ મારા માથા ઉપર બહુ ચડી ગયું છે. મારા હૃદયથી તે ક્યારેય દૂર થતું નથી. કારણ કે, કૃષ્ણા યાને કે દ્રૌપદીએ તેનાં વસ્ત્ર કૌરવો સભામાં ખેંચતા હતા, તે સમયે દૂર-દ્વારકાવાસી શ્રીકૃષ્ણને ગોવિંદ કહીને મને આર્તભાવે પોકાર્યા હતો.'

દ્રૌપદીની જેમ આ ડોશીમાએ પણ બહુ પ્રાર્થના કરી, એટલે ભગવાન સ્વામિનારાયણ તત્કાળ ગાડું લઈને આવ્યા અને માડીને છપૈયા પહોંચાડ્યાં ! પછી નારાયણ સરોવરના કાંઠા ઉપર ડોશીમાને ઉતારીને શ્રીજીમહારાજે કહ્યું કે, 'અહીં તમારો સંઘ આવશે અને તમે આ સામે મંદિર છે ત્યાં જાઓ અને એમાં બેસીને નિરાંતે અમારું ભજન કરજો.' એમ કહીને ગાડા સહિત શ્રીહરિ અદૃશ્ય થઈ ગયા.


> અહો આ સત્સંગમાં, શ્રીહરિ હાજરાહજૂર;
> વિકટ વેળાએ વાલિડો, બચાવે ભક્તને જરૂર.

આ બાજુ ચુનીલાલભાઈ સંઘ સાથે મખોડા ઘાટે મનોરમા નદીએ આવ્યા. ત્યાં થોડીવાર સંઘ ઊભો રહ્યો ત્યાં ખબર પડી કે, સંઘમાંથી એક બહેન છૂટા પડી ગયાં છે. પછી ત્યાં જ એક મંદિરમાં ઊતર્યા અને એક માણસને બે રૂપિયા આપી એને સાથે લઈ ચુનીલાલ શોધવા નીકળ્યા. બે-ચાર ગાઉ સુધી વનમાં જઈ બધે જ જોઈ વળ્યા, પણ બહેનનો કાંઈ પત્તો લાગ્યો નહીં. પછી ચુનીલાલ થાકીને રાત્રે બે વાગ્યે ઉતારે પાછા આવ્યા. ચુનીલાલભાઈ ભક્તહૃદયના હતા, તેથી ખોવાયેલાં બહેનના દુઃખમાં આખી રાત ઊંઘ આવી નહીં.

સવારમાં પૂજાપાઠ કરી પ્રભુને પ્રાર્થના કરી. પછી ફરીને સવારના પહોરમાં એક માણસને એ બાઈની ખબર કાઢવા મોકલ્યો. આમ ને આમ સંઘ સાથે તે ભક્તની શોધમાં બે દિવસ બધા ત્યાં ને ત્યાં રોકાઈ રહ્યા. પછી આખો સંઘ પ્રાર્થના કરવા માંડ્યો. અંતે ભગવાને ભક્તોની પ્રાર્થના સાંભળી.

ભક્તોનો શુદ્ધ ભાવ હતો અને ભક્ત પ્રત્યેનો સ્નેહ હોવાથી શ્રીહરિએ ત્રીજે દિવસે સવારના પહોરમાં ચુનીલાલને આવીને સાક્ષાત્ દર્શન દઈને કહ્યું, "તમે અહીં બેઠા છો અને એ બાઈને તો અમે તે જ દિવસે છપૈયા પહોંચાડી દીધાં છે. તે ત્યાં મંદિરમાં ભજન કરે છે. અમારાં દર્શન કરે છે અને થાળનો શીરો, પૂરી અને લાડવા ખાય છે અને અમારા ગુણ ગાય છે; માટે હવે સંઘ લઈને જલ્દી ઊપડો, ત્યાં જાઓ." એમ કહીને મહારાજ અદૃશ્ય થઈ ગયા. આ ઐશ્વર્ય જોઈને ચુનીલાલ વગેરે સંઘના તમામ હરિભક્તો મહાઆનંદ પામ્યા, બહુ રાજી થયા અને છપૈયા પહોંચી ગયા.

વહાલા ભક્તો ! આવી રીતે ભગવાન ભક્ત ઉપર રાજી થાય છે, સુખ આપે છે, દર્શન દે છે અને કલ્યાણ કરે છે. બસ, આપણે પ્રભુ પ્રત્યે શુદ્ધ ભાવ-પ્રેમ વધારવાની જરૂર છે.



# સુખી થવાનું સાચું સ્ટેન્ડ શું ?

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



સ્વામિનારાયણ ભગવાનના સર્વોપરી સંત શ્રીગોપાળાનંદ સ્વામીએ કહ્યું છે - જીવપ્રાણીમાત્ર કોઈ ને કોઈ આધાર વડે સુખી રહે છે. કોઈ માન-મોટાઈના આધારે સુખી અને કોઈ સારા ખાન-પાનને કારણે સુખી રહે છે.

જે ભગવાનના ખરેખરા ભક્ત છે તેને તો ભગવાન જ સાચો આધાર મનાય છે; એટલે સાચા સંતો-ભક્તો શ્રીહરિના આધારે જ સુખી રહે છે.

વહાલા ભક્તો ! આપણું કેમ છે ? આપણે પહેલા કયા આધારે સુખી રહેતા ? હાલ કયા કારણે આપણને સુખી માનીએ છીએ ? આ જગતમાં ઘણા માણસો ધન વડે તે સુખી હોય એવું ફીલ કરે છે. ઘણા ઘરનું ઘર, ઘરનું માણસ અને બાલ બચ્ચાને કારણે તેને સુખી સમજે છે. અમુક લોકો તેમની પાસે કાંઈક સત્તા, પોસ્ટ કે પ્રસિદ્ધિ હોય તો સુખી રહેવાય એવું માને છે. આમાં પરમ સત્ય શું ?

**Every living being needs a stand which produces happiness or proud for it.**

હા, જીવનમાં એવું કાંઈક જરૂરી છે, જેને કારણે આપણે અંતરથી ગૌરવ અનુભવી શકીએ. પોતાને ભાગ્યશાળી કે પરમ સુખી માની કેફમાં રહી શકીએ; પરંતુ એવું એ કયું સ્ટેન્ડ છે કે જેના આધારે કાયમી કેફમાં રહી શકાય, સદા સુખી થઈ શકાય ?

જો ધન એવું માધ્યમ હોય તો જેની જેની પાસે ધન હોય તે બધા સુખી હોવા જોઈએ, પણ એવું છે નહીં. કારણ કે, ધન તો બિલાડીના ટોપ જેવી એવી તુચ્છ વસ્તુ છે કે તે ક્યારે નાશ થઈ જાય તેનું કાંઈ જ નક્કી નથી. હોય ત્યાં સુધી પણ તે ધન ફક્ત તન-મનને

જ રંજન કરી શકે એવી તુચ્છ સામગ્રીઓ આપી શકે છે. આત્માને આનંદ આપવાની યોગ્યતા ધનમાં છે જ નહીં. દેહાભિમાનને કારણે જે કોઈ જીવ ધન વડે તેને સુખી સમજવા લાગે તો તે ધન તેની વાસના વધારે છે. વિષય, વ્યસન અને ફેલફતૂરમાં ફસાવે છે. દુર્યોધનની જેમ અહં - મમત્વ અને અભિમાન વધારી છેવટે અધોગતિ જ કરાવે છે. માટે આવા ધનને આધારે કોઈ કાયમી સુખી કેવી રીતે થઈ શકે ?

માન-મોટાઈ અને પ્રસિદ્ધિ પણ જીવને પાગલ બનાવી દે છે. જો ધન, સંપત્તિ અને પ્રસિદ્ધિમાં સુખ-શાંતિ હોય તો કોઈ સેલિબ્રિટી સ્યુસાઈડ શું કામ કરે ? તેમના જીવનમાં ટેન્શન કે ડિપ્રેશન ક્યાંથી હોય ? માટે માન-મોટાઈમાં સુખ સમજવું તે બહુ મોટી ભૂલ છે.

વિશ્વફેમસ ગાયિકા લતા મંગેશકરજીને કોઈએ પૂછ્યું, "આપ દુસરે જન્મ મેં લતા મંગેશકર બનના ચાહોગી ?" "કભી નહીં." આમ તેમણે ચોખ્ખી ના પાડી. એનો અર્થ એ કે, પૈસો અને પ્રસિદ્ધિ માણસને અંતરથી સુખી અને સંતોષી બનાવી શકતાં નથી.

થોડાં વર્ષો પહેલાં હિન્દી ફિલ્મના યુવા હીરો સુશાંત સિંહે આપઘાત કરી લીધો. આજે વિશ્વમાં એવા કરોડો લોકો છે કે, જેમની પાસે ધન-સંપત્તિ કે કીર્તિ-પ્રસિદ્ધિ જરૂર કરતાં વધુ હોવા છતાં તે અંતરથી નાખુશ છે. તેમના જીવનમાં કજિયા, કંકાસ અને અશાંતિનો પાર નથી. આનો અર્થ એ કે માનવજીવનમાં ધન, માન, ખાન-પાન વગેરે ભૌતિક સ્ટેન્ડથી જ જીવ કાયમી સુખી કદી ન જ બની શકે; જ્યારે એનાથી ઊલટું એ પણ જોવા મળે છે કે ધન-માન-ગાડી-બંગલા વગેરે સુવિધા ઓછી હોવા છતાં ઘણા ભક્તો વધુ સુખી જીવન જીવતા હોય છે.

જૂનાગઢના નવાબ કરતાં નરસિંહ મહેતા અંતરથી ઘણા વધુ સુખી રહેતા હતા. વડોદરાના સયાજીરાવ સરકારની અપેક્ષાએ ગઢડાના દાદા ખાચર સર્વ રીતે ઘણા વધુ આનંદમાં જીવન જીવતા હતા. વિશ્વના સર્વશ્રેષ્ઠ ધનવાન બની ચૂકેલ બિલ ગેટ્સ અને એલોન મસ્કની અપેક્ષાએ આણંદદાદા કુંડળધામમાં સમર્પિત થઈને અનંત ગણો વધુ આનંદ માણતા હતા. એથી વિશેષ વિચારીએ તો જગતના જીવો મર્યા પછી જમપુરી અને લખચોરાશીની ભયંકર પીડા પામે છે; જ્યારે ભગવાનના ભક્તો દેહ છોડ્યા પછી દિવ્ય દેહ ધારીને ભગવાનના ધામમાં શ્રીહરિ જેવા શાશ્વત સુખી બની જાય છે. માટે એ વાત સિદ્ધ થાય છે કે સદા સુખી રહેવાનું સાચું સ્ટેન્ડ તો શ્રીહરિ અને સત્પુરુષની પ્રાપ્તિનો કેફ જ છે.

કોઈ એવો કેફ રાખે કે હું સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનનો ભક્ત છું. વળી તે પ્રભુના પ્યારા સદ્‌ગુરુનો શિષ્ય છું. મને આવા મોટા મહારાજ અને મોટા પુરુષ મળ્યા છે એટલે હું ધન્ય ધન્ય થઈ ગયો છું; આવો કેફ સર્વ રીતે સુખદાયી અને પરમ કલ્યાણકારી છે. કેમ જે, તેના કેન્દ્રમાં ભગવાન અને સત્પુરુષ છે. તેના યોગે જીવની ઊર્ધ્વગતિ થાય છે. અજ્ઞાન-આસક્તિ ટળે છે અને આત્યંતિક મોક્ષ મળે છે. વચનામૃત પ્રથમના ૭૮માં આપણા ઈષ્ટદેવે આ બાબતને આમ સમજાવી છે – **"જે ભક્ત એમ સમજે જે, 'આ ભગવાન ને સંત તે સર્વે વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મપુર તેના નિવાસી છે. તે સંત ને પરમેશ્વર જ્યાં વિરાજમાન છે ત્યાં જ એ સર્વે ધામ છે, અને એ સંત ભેળો મારો નિવાસ થયો છે તે મારું અતિ બડું ભાગ્ય છે.'** એવી રીતે સમજે તો આઠે પહોર આશ્ચર્ય સરખું રહે અને આઠે પહોર આનંદના સમુદ્રમાં ઝીલતો રહે."

વહાલા ભક્તો ! માનવજીવનમાં સારી રીતે જીવવા માટે અમુક ચીજવસ્તુ અને સમાજમાં ગૌરવ જરૂરી છે, પણ એનું બંધન અને અભિમાન હાનિકારક છે; જ્યારે ભગવાન શ્રીહરિ તથા સંતપુરુષનો આશરો, કેફ અને રાજીપો આત્માને આ લોક તથા પરલોકમાં અવિનાશી આનંદ આપે છે. માટે આપણે એ આધારે જ આનંદમાં રહેવું જોઈએ.



# કમાણી

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક શેઠ હતા. તેને એક દીકરો હતો. તે કાંઈ કામ ન કરે. એક દિવસ શેઠે તેને કહ્યું, 'તું કાંઈક વેપાર કરી કમાણી કર.' દીકરાએ કહ્યું, 'બાપા, હું વેપાર કરવા જાવા બંદરે જઈશ.' શેઠે કહ્યું, 'બહુ સારું.'

વેપાર કરવામાં રૂપિયા બહુ જોઈએ. વળી, વહાણમાં જવાનું. એક વરસ જતા અને એક વરસ આવતા થાય અને ત્રણ વરસ વેપાર કરવાનો; આમ પાંચ વરસ પાછા વળતા લાગે. તેથી શેઠે દીકરાને ત્રણ વહાણ સોનામહોર વગેરેથી ભરી આપ્યાં. મહેતાજી, માસ્તર, મુનીમ, ગુમાસ્તા વગેરેને સાથે કમાણી કરવા મોકલ્યા.વહાણો એક વરસે જાવા બંદરે પહોંચ્યાં.

મહેતાજીએ કહ્યું, 'શેઠ, વેપાર કરો.' દીકરાએ કહ્યું, 'આપણે અહીંથી મોંઘામાં મોંઘી વસ્તુ લેવી છે.' જાવા બંદરમાં સોનું, સાચાં મોતી, દાગીના, ઝવેરાત બધું સોંઘું મળે. તેથી મુનીમજીએ કહ્યું, 'શેઠ, આ બધું ખરીદી લઈએ.' શેઠના દીકરાએ કહ્યું, 'ના, એ સોંઘું નથી લેવું.'

પછી તપાસ કરી તો ગોળિયા પથરા મોંઘા મળતા હતા. શેઠે કહ્યું, 'મુનીમજી, આપણે આ પથરા વહોરવા છે.' મહેતાજીએ કહ્યું, 'શેઠ, આપણા કાઠિયાવાડમાં તો પથરા બહુ છે; માટે સોનું-ઝવેરાત ખરીદો.' શેઠે કહ્યું, 'ના,મારે તો મોંઘામાં મોંઘો માલ જ લેવો છે.'

આ તો શેઠના દીકરા..! મહેતાજીનું તેની આગળ શું ચાલે ? પછી તો શેરિયો, બશેરિયો, પાંચશેરિયો એવા ગોળિયા પથરા ખરીદ્યા. ખૂબ પૈસા વાપરીને પથરાનાં ત્રણ વહાણ ભરી દીધાં. ત્રણ વરસ થઈ ગયાં. પથરાના કોથળા ભરીને વહાણ હંકાર્યાં.

આગળથી બાપાને ખબર આપ્યાં કે, 'ઘણો માલ વહોર્યો છે. ત્રણ વહાણ ભરીને આવું છું.' બાપા રાજી રાજી થઈ ગયા. તેમના મનમાં એમ કે, 'સોનામહોરો, લાખ લાખનાં સાચાં મોતી, ઝવેરાત એ બધું લાવતો હશે.' વહાણ દેશના કિનારે આવ્યાં. શેઠે આખા શહેરમાં ખબર આપી દીધા. બધાને થયું કે, શેઠનો દીકરો પાંચ વરસે જાવા બંદરેથી કિંમતી માલ ભરીને આવે છે. શેઠે તો આખા ગામને જમાડ્યું. ખૂબ જ ધામધૂમ કરી લાખો રૂપિયા સ્વાગતમાં ખર્ચ્યા. દીકરાને બાપા ભેટ્યા, સહુએ ફૂલે વધાવ્યો.

શેઠે પૂછ્યું, 'શું માલ લાવ્યો ?' 'બાપા, પથરા.' શેઠે કહ્યું, 'શું ? પથરા ?'

'હા, બાપા પથરા જ લાવ્યો છું. ત્યાં મોંઘામાં મોંઘું આ જ હતું.' એમ કહી ગુમાસ્તાને કહ્યું, 'જાવ, ગુણ લઈ આવો.'

પછી સભા વચ્ચે ગુણ ઠાલવી. ત્યાં તો ખણણ કરતા ગોળિયા પથરા નીકળ્યા. મોટા મોટા શેઠિયા ને અમલદારો બેઠા હતા. શેઠે કહ્યું, 'તેં તો મારી આબરૂ કાઢી.' શેઠ ઝંખવાણા પડી ગયા. બધાને થયું કે, 'આ દીકરો મૂરખ છે.'

પથરા ગોળિયા એવા હતા કે ચણવાના કામમાંય ન આવે. તે પછી દરિયામાં નાખવા પડ્યા.

વહાલા ભક્તો, આપણે જ્યારે દેહ મૂકીને ધામમાં જાશું ત્યારે ભગવાન અને મુક્તો બધા પૂછશે કે, 'તમને ભરતખંડમાં મોક્ષની કમાણી કરવા મોકલ્યા હતા, તે શું કમાઈને આવ્યા છો ?' આપણે કહીશું, 'ત્રણ માળની મેડી કરી, છોકરા પરણાવ્યા, લાખો રૂપિયા ભેગા કર્યા.' આ બધું તો પથરા વહોર્યા જેવું છે. જો ભરતખંડમાં આવી કલ્યાણનું કામ કર્યું હશે તો જ ભગવાન રાજી થશે.



# વર વિનાની જાન...

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એકવાર ઉપલેટા અને જાળિયા વગેરે ગામના કેટલાક હરિભક્તોએ ગઢપુર દર્શન કરવા જવાનું નક્કી કર્યું. તેઓ જૂનાગઢ સદ્.શ્રીગુણાતીતાનંદ સ્વામીની રજા લેવા ગયા. સ્વામીને પગે લાગી કહ્યું, "સ્વામી ! અમો સૌ ગઢપુર દર્શને જઈએ છીએ." સ્વામીએ રાજી થઈ કહ્યું, "જાઓ અને ત્યાં વિધાત્રાનંદ સ્વામી પાસે જાજ્યો ને તેમને મારા નારાયણ કહેજ્યો અને તેમની પાસે બેસી સત્સંગની વાતો સાંભળજો."

પછી સૌ હરિભક્તો ગઢપુર આવ્યા. ગોપીનાથજી મહારાજનાં દર્શન કર્યાં. વિધાત્રાનંદ સ્વામી વાડીએ હતા એટલે ત્યાં દર્શને ગયા, દંડવત કરી પગે લાગી કહ્યું : "સદ્.શ્રીગુણાતીતાનંદ સ્વામીએ નારાયણ કહ્યા છે અને અમને તમારી પાસે બેસવાનું કહ્યું છે, માટે કૃપા કરી અમને વાતો કરો."

પછી વિધાત્રાનંદ સ્વામીએ વાતો કરતાં કહ્યું, "હે ભક્તો ! વર રાખજો વર." પછી તે ઉપર વાત કરી કે, "એક શેઠ હતો. તેણે પોતાના દીકરાની જાનમાં જુવાનિયાઓને લઈ જવા આમંત્રિત કર્યા. પછી સૌ ગાડાં જોડાવીને જાનમાં જવા તૈયાર થયા. જાન ગામબહાર નીસરી. બધાને ઉત્સાહનો પાર ન હતો. બધા એકબીજાના ગાડાની હરીફાઈએ ચડ્યા. વરરાજાના ગાડાને પણ વાંસે રાખી પોતાનાં ગાડાં આગળ કરવા લાગ્યા.

એમાં કટાણે વરરાજાને લઘુશંકા લાગી, એટલે એણે એનું ગાડું ઊભું રખાવ્યું. વરરાજો લઘુશંકા કરવા ગયો, પણ જુવાનિયા તો બધા એકબીજાની હરિફાઈમાં ગાંડાઘેલા થયેલા. એણે કોઈએ ગાડાં ઊભાં ન રાખ્યાં ને વરરાજાનું ગાડું તારવીને સૌએ પોતપોતાનાં ગાડાં દોડાવી મૂક્યાં. વરરાજો લઘુશંકા કરીને આવ્યો એટલે કોઈ માણસ ભાળ્યું નહિ, ફક્ત પોતાનું એક ગાડું હતું. વરરાજો કહે, 'આ બધાં ગાડાં ક્યાં ગયાં ?' ત્યારે કોઈકે કહ્યું, 'તે તો સૌ આગળ ચાલ્યાં ગયાં.'

વરરાજાનો મગજ ગયો ને કહે, 'મારે માટે સૌ જાય છે ને મને જ પડતો મેલ્યો..! મારું ગાડું પાછું વાળો, મારે પરણવા જ નથી જવું.' વરરાજો તો રિસાયો. ગાડામાં બેઠેલા સૌએ સમજાવ્યો કે ભલા માણસ આવું ન કરાય; પણ એણે કોઈનું માન્યું નહિ ને ગાડું પાછું વાળી ઘર ભણી હાંકી મૂક્યું.

વરરાજો તો ઘેર આવીને બેઠો, અને જાનૈયા સૌ એના સસરાને ગામ ગયા. ચૈત્ર-વૈશાખનો તડકો હતો તેથી સૌને તરસ પણ બહુ લાગેલી. વરના સસરા તરફથી સૌ જાનૈયા માટે સાકરનાં ઠંડાં પાણી તૈયાર કર્યાં હતાં. સૌ બોલ્યા કે, 'વરને લાવો, વરને લાવો ! પહેલું તેમને પાણી પાઈએ !' પણ વર તો ઘેર આવીને બેઠેલો. પછી તો જાનૈયા સૌ શરમાઈ ગયા. કોઈએ ભાવ પૂછ્યો નહિ ને વીલે મોઢે સૌ પાછા આવ્યા.

તેમ વિધાત્રાનંદ સ્વામી કહે, "હે ભક્તો ! વરને ઠેકાણે ભગવાન છે, માટે ભગવાનને હારે રાખજો. કોઈ ભગવાન ભૂલશો નહીં. **ભગવાન ભૂલે તેનો કોઈ ભાવ પૂછતું નથી. જો ભગવાન રાખશો તો જનમ સફળ થશે;** નહિ તો જેમ જાનૈયાને ભૂખ્યા-તરસ્યા ઠાલો ધક્કો થયો, તેમ લખચોરાશીનો ધક્કો થશે."



# આપણી અંદર ગુપ્ત દિવ્ય ખજાનો !

લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

વહાલા ભક્તો, કહેવાય છે કે આ સૃષ્ટિમાં ઘણા સમય પહેલાં એક સમય એવો હતો કે ત્યારે પૃથ્વી પરના બધા જ મનુષ્યો ઈશ્વરના જેવી દિવ્યતા-દેવત્વ ધરાવતા હતા, પરંતુ તેઓએ તેમની દિવ્યતાનો દુરુપયોગ કરવાનું શરૂ કર્યું. તેથી ભગવાને બધા મનુષ્યો પાસેથી તે દિવ્યતા છીનવી લેવાનું અને તેને એવી જગ્યાએ છુપાવવાનું નક્કી કર્યું કે જેથી તે મનુષ્યો તે દિવ્યતાને ક્યારેય શોધી ન શકે.

પછી ભગવાન વિચારવા લાગ્યા કે આ દિવ્યતાને ક્યાં છુપાવવી ? પછી પ્રભુને વિચાર આવ્યો કે, ‘તે દિવ્યતાને પૃથ્વીની અંદર ઊંડી દાટી દઉં.’ ત્યારે વળી વિચાર આવ્યો કે, ‘ના, મનુષ્યો પૃથ્વીમાં ખોદીને તેને શોધી કાઢશે.’ વળી તેમણે વિચાર્યું, ‘ચાલો, તેને સમુદ્રમાં ઊંડી ડુબાડી દઉં.’ ત્યારે વળી તેમને થયું કે, ‘મનુષ્ય સમુદ્રમાં ડૂબકી મારવાનું શીખી જશે અને તેને ત્યાંથી શોધી કાઢશે.’

છેવટે ભગવાને નક્કી કર્યું કે, ‘તેને ઊંચામાં ઊંચા પર્વતની ટોચ ઉપર સંતાડી દઉં.’ તેમ કરવા જતા હતા ત્યાં વિચાર આવ્યો કે, ‘ના ના, મેં સર્જેલા મનુષ્યો એવા બુદ્ધિશાળી છે કે તેઓ તે પર્વત પર ચઢી જશે અને ત્યાંથી તે દિવ્યતાને લઈ લેશે.’ આમ ભગવાનને તે દિવ્યતા છુપાવવા માટે જ્યારે એવી કોઈ જગ્યા જ ન મળી કે જ્યાં મનુષ્યો પહોંચી ન શકે, ત્યારે તેમણે મનુષ્યોની તે દિવ્યતાને તે મનુષ્યોમાં જ એટલે કે તેમના આત્મામાં જ છુપાવી દીધી.

વહાલા ભક્તો, આપણી દિવ્યતા પણ આપણી અંદર જ છુપાયેલી છે, તેને જન્મોજન્મના ઘણા લાંબા સમયથી સાવ ભૂલી ગયા છીએ. તે આપણી દિવ્યતા શી છે ? તો આપણે સત્, ચિત્ અને આનંદમય એવા આત્મા છીએ; દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ આદિકના પ્રકાશક, નિયામક, શાસક અને તેમનાથી સ્વતંત્ર છીએ; પોતાના સુખે જ સદા સુખી છીએ. આ વાત શ્રીજીમહારાજે વચનામૃતમાં પણ કહેલ છે.

આ દિવ્યતા આપણી પાસે આપણી અંદર જ છે, છતાં આપણને અનુભવાતી નથી. તો શું કરવું ? તો તેનો ઉપાય બતાવતાં શ્રીજીમહારાજ ગઢડા પ્રથમ પ્રકરણના ૨૦મા વચનામૃતમાં કહે છે કે, “જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દષ્ટિ કરે છે, તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જવળ પ્રકાશમાન જુવે છે અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુવે છે અને નારદ- સનકાદિક જેવો સુખિયો પણ થાય છે.”

વળી, તે પ્રયત્નની સાથે પરમાત્માની પ્રાર્થના કરવાની પણ જરૂર છે, તે માટે ઈશાવાસ્યોપનિષદમાં પરામાત્માને જે પ્રાર્થના કરવાનું કહેલ છે તે આપણે પણ કરીએ કે,

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम्।
तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये।।
(ईशावास्योपनिषत् : १५)

"હે સર્વનું પોષણ કરનારા પ્રભુ ! સત્ય એવા આત્માનું અને આપ પરમાત્માનું દ્વાર સુવર્ણમય પાત્ર-આચ્છાદનથી ઢંકાયેલું છે, અર્થાત્ જેના વડે મનન-ચિંતન કરીને આત્મા અને પરમાત્માને પમાય છે, એવું મનરૂપ તે દ્વાર લોભામણા માયિક વિષયોથી ઢંકાઈ ગયું છે, બંધ થઈ ગયું છે. તેને સત્ય એવા આત્મા અને પરમાત્માનાં દર્શન માટે આપ ઉઘાડો."

વળી, આપણી ઉપર કહી તેનાથી બીજી અતિશય શ્રેષ્ઠ દિવ્યતા તો એ છે કે દિવ્ય તેજોમય આત્મારૂપ એવા આપણામાં સદા સાકાર, સચ્ચિદાનંદરૂપ, સર્વજ્ઞ, સર્વસમર્થ, સર્વકર્તા, સર્વોપરિ, સર્વના નિયંતા છે, સર્વના અંતર્યામી છે, સર્વ કારણના કારણ, નિર્ગુણ, સ્વયંપ્રકાશ, સ્વતંત્ર, અતિ કરુણાળુ, વાત્સલ્યમૂર્તિ, જેના દર્શનમાત્રથી સર્વ પ્રકારના સુખનો અનુભવ થાય તેવા, જેને પામ્યા પછી આત્મા સદા નિર્ભય, પૂર્ણકામ અને દિવ્ય સુખનો ભોક્તા બની જાય તેવા, વળી અસંખ્ય સદ્‌ગુણો, ઐશ્વર્ય વગેરેના નિધિ; એવા પરબ્રહ્મ વિરાજમાન છે, પણ તેનો આપણને અનુભવ નથી થતો. તેનો અનુભવ કરવાનો ઉપાય બતાવતાં કઠોપનિષદમાં કહેલ છે કે,

अणोरणीयान् महतो महीयानात्माऽस्य जन्तोर्निहितो गुहायाम्।
तमक्रतुः पश्यति वीतशोको धातुः प्रसादान्महिमानमात्मनः।।
(कठोपनिषत् : अ.१, व.२, मं.२०)

દરેક આત્માની હૃદયરૂપી ગુફામાં પરમાત્મા વિરાજમાન છે, તે જે કાંઈ સૂક્ષ્મ છે, તેનાથી પણ સૂક્ષ્મ છે, અને જે કાંઈ મહાન-વિશાળ છે, તેનાથી પણ મહાન-વિશાળ છે. જે આત્મા કામ્ય કર્મોમાં અનાસક્ત થઈને પરમાત્માના આ મહિમાને જાણે છે, તે પરબ્રહ્મ પરમાત્માની કૃપાથી વીતશોક અર્થાત્ સર્વ પ્રકારના શોકથી મુક્ત થાય છે, અર્થાત્ પરમાત્મા જેવો સચ્ચિદાનંદરૂપ બની જાય છે.

શ્રીજીમહારાજે પણ સારંગપુરના ૧૧મા વચનામૃતમાં કહ્યું છે કે, "માયા થકી જે રહિત થયો તે ભગવાનના તુલ્યપણાને પામે છે; કહેતાં જેમ ભગવાન શુભ-અશુભ કર્મે કરીને બંધાતા નથી, તેમ તે મુક્ત પણ શુભ-અશુભ કર્મે કરીને બંધાય નહીં. અને જેમ ભગવાન સ્વતંત્ર છે તેમ એ ભગવાનનો ભક્ત પણ સ્વતંત્ર થાય છે. આવી રીતની જે સામર્થી તે તો ભગવાનની કૃપા થકી આવે છે."

વહાલા ભક્તો, આવી છે આપણી અને આપણી અંદર વિરાજમાન પુરુષોત્તમનારાયણ એવા મહારાજની દિવ્યતા ! તે દિવ્ય ખજાનાને મૂકીને તુચ્છ અને નાશવંત માયિક વિષયોને મેળવવા ને ભોગવવા ફાંફા મારવા તે તો રાજાની રાણી થઈને ઠીકરું લઈને ભીખ માંગવા બરોબર છે. આપણા વહાલા ગુરુજીને પણ સતત આત્મારૂપ થઈ દિવ્ય પરમાત્મા એવા મહારાજને જાણવા-માણવાનું તાન છે, તેથી જ તેમણે આપણને તે તાન ચઢાવવા કહ્યું છે,

મારે મારો આતમા, જોવો છે રે જોવો છે;
એમાં છે પરમાતમા, એમાં જીવ પ્રોવો છે...મારે૦

હરિનું સરનામું છે, અક્ષરરૂપ આત્મા;
આત્મામાં જોવાય છે, અખંડ એ પરમાત્મા...મારે૦

દરવાજો છે આત્મા, હરિ પાસે જાવાનો;
જ્ઞાનરૂપી દરવાજેથી, શ્રીજીને હું જોવાનો...મારે૦



માટે ચાલો ભક્તો, આપણે પણ આ ધામભાવે અખંડ સ્મરણ વર્ષમાં સંતોનાં સેવા-સમાગમ, શ્રીહરિનું ભજન-સ્મરણ, કથાશ્રવણ વગેરે કરીને આપણી અંદર જ રહેલ દિવ્ય ખજાનાને જાણીએ ને માણીએ.



# સત્સંગનો પ્રબળ પ્રતાપ

લેખક : સાધુ પ્રસન્નવદનદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણે આ બ્રહ્માંડમાં પધારી દિવ્ય સત્સંગ સ્થાપ્યો. પોતે ને પોતાના સંતો-ભક્તો દ્વારા અનંત જીવોને સદુપદેશ આપી અપાર ઐશ્વર્ય-પ્રતાપ દેખાડીને અજ્ઞાન અને માયાના બંધનથી છોડાવ્યા ને સદાચારમય જીવન જીવતા કર્યા. અનાદિકાળથી માયાના પ્રવાહમાં વહેતા જીવોને ભગવાન સ્વામિનારાયણે એકાંતિકદાસ બનાવ્યા; આ મહારાજે જીવો ઉપર મોટી કરુણા કરી છે. એટલે જ સદ્ગુરુ માધવદાસ સ્વામી કહે છે કે :

કરી મહારાજે મોટી મહેર, આણ્યો સત્સંગ રૂડી પેર;
એહ સત્સંગ છે મોટી વાત, એમાં કલ્યાણ છે સાક્ષાત.

વહાલા ભક્તો ! આ સત્સંગમાં કલ્યાણ સાક્ષાત્ એટલે કે ભગવાન સ્વામિનારાયણ સાક્ષાત્ વિચરે છે. જે કોઈ જીવ આ સત્સંગમાં આવે છે તેના ભાગ્યનો કોઈ પાર નથી. આજે પણ આ સત્સંગમાં મહારાજ મોટા સંતોમાં રહીને જીવને સદુપદેશ આપી ભગવાનની સન્મુખ કરે છે, તો જ્યારે ભગવાન પોતે આ ધરતી ઉપર પ્રગટ પ્રમાણ વિચરતા ત્યારની તો વાત જ શું કરવી ! મહારાજ કેવી રીતે જીવને સત્સંગમાં લાવે ને કેવી અલૌકિક રીતે તેને સત્સંગી કરે ! તે એક ચરિત્ર દ્વારા જાણીએ ને મહારાજનો અલૌકિક પ્રતાપ વિચારીને ભગવાનમાં હેત કરીએ.

એકવાર ભગવાન શ્રીસ્વામિનારાયણ શ્રીગઢપુરને વિશે દાદાખાચરના દરબારમાં બિરાજમાન હતા. પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. અને મહારાજ પોતાના આશ્રિતોને વાતો કરતા હતા. તે સમયે ખંભાળાના દરબાર મૂળુ ખાચર સભામાં આવીને બેઠા. સભા પૂરી થઈ ત્યારે મહારાજે મૂળુ ખાચરને પૂછ્યું, ‘તમારું કયું ગામ ? ને શું નામ ?’ ત્યારે મૂળુ ખાચરે કહ્યું, ‘મહારાજ ! ખંભાળા ગામથી આવું છું અને મારું નામ મૂળુ ખાચર છે.’

ત્યારે મહારાજે કરુણાદૃષ્ટિ કરીને કહ્યું કે, ‘તમે સત્સંગી થાઓ.’ મૂળુ ખાચર કહે, ‘મહારાજ ! મારે હોકો ને અફીણનું બંધાણ છે, એટલે સુરા ખાચરે મને કહ્યું કે તમારાથી સત્સંગી નહિ થવાય.’ પછી મહારાજ કહે, ‘તમે વર્તમાન ધરાવી સત્સંગી થાઓ. ને અફીણ તથા હોકો પીજો, પણ પાંચ

વર્તમાન પાળજો.' પછી ભગવાન સ્વામિનારાયણના હાથે મૂળુ ખાચરે વર્તમાન ધરાવ્યા અને કંઠી બાંધીને સેવા-સત્સંગ કરવા લાગ્યા.

એક દિવસ મહારાજ કહે, 'મૂળુ ખાચર, અમારે વડતાલ જવું છે, તો અમારી ભેગા ચાલો.' ત્યારે સૌ સંતો-ભક્તો અને દરબારો સાથે મૂળુ ખાચર પણ વડતાલ જવા સાબદા થયા. ચાલતાં રસ્તામાં ઝીંઝાવદર અને કારિયાણી વચ્ચે એક કૂવો આવ્યો. સૌ સંતો-ભક્તો ત્યાં ગયા. ત્યારે સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી તથા વરદાનંદ સ્વામી આગળ કૂવો જોઈને બેઠા અને મહારાજને કહ્યું, 'હે મહારાજ ! નાહવા પધારો.' ત્યારે મહારાજ કહે, 'આ મૂળુ ખચારનો હોકો ધોવરાવો અને પાણી પાઓ. તથા બીજાને પણ પાણી પાઓ.'

પછી હોકો ધોવરાવીને પાણી પાયું અને બધા અસ્વારોને પણ પાણી પાયું. ત્યારબાદ મહારાજને થાળામાં બેસાડી મોટું કમંડળ લઈને પાણી સીંચી મહારાજને અંગો ચોળીને નવરાવ્યા. ત્યારે મહારાજ કહે જે, 'આજ તમારાં કમંડળો કામમાં આવી ગયાં.' પછી ત્યાંથી ચાલ્યા તે બરવાળે જતાં રસ્તામાં માણસો સામે મળે; તે એમ બોલતા જાય જે, 'જુઓ, આ બધા અસવારો સ્વામિનારાયણ ભગવાનના છે, પણ ઓલ્યો એક હોકાવાળો છે એ સ્વામિનારાયણ ભગવાનનો નથી.' આ સાંભળીને મૂળુ ખાચરને રીસ ચડી. તેથી હોકો પછાડીને ફોડી નાખ્યો. પછી બરવાળા રાત રહીને ધોલેરા ગયા અને ત્યાંથી વડતાલ ગયા. વડતાલમાં જોબન પગીની મેડીમાં કાઠીઓને ઉતારા કરાવ્યા. શ્રીજીમહારાજ બંગલામાં ઉતાર્યા અને સાધુઓ ધર્મશાળામાં ઊતર્યા.

ભગવાન સ્વામિનારાયણ વડતાલ પધાર્યા જાણી દેશદેશના હરિભક્તોના સંઘ મહારાજના દર્શને આવવા લાગ્યા. તેમાં કાનમ દેશના તથા સુરતના હરિભક્તોનો સંઘ આવ્યો. તે સંઘના હરિભક્તો મહારાજની સાથે રહેનારા કાઠી ભક્તોને મળે ને પગે લાગે. અને બોલે જે, 'આ બધા કાઠી ભક્તોને મળીએ છીએ તે આપણાં ધન્યભાગ્ય છે. કેમ જે, આ બધા અખંડ મહારાજ સાથે રહેનારા છે. આમનાં દર્શન ક્યાંથી મળે !' એમ મહિમાથી અરસપરસ પગે લાગે. તે વખતે મૂળુ ખાચર કસુંબો કાઢીને પીતા હતા. તે જોઈને હરિભક્તો કહે, 'આ તો બંધાણી લાગે છે.' એમ જાણીને કોઈ પગે લાગે નહીં ને મળવા પણ જાય નહીં. ત્યારે મૂળુ ખાચરે અફીણનો પણ ત્યાગ કર્યો. પછી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પાસે મૂળુ ખચાર આવ્યા અને સ્વામીને પ્રાર્થના કરી કે, 'હે સ્વામી ! મારા ઉપર દયા રાખજો. મેં આજથી અફીણનો ત્યાગ કર્યો છે, તે પાછું વળગે નહીં.' સ્વામી તેમની પ્રાર્થના સાંભળી રાજી થયા અને કરુણાદષ્ટિથી જોયું ને બળ ભરી વાતો કરી.

પછી મૂળુ ખાચર શ્રીજીમહારાજના દર્શને ગયા. ત્યારે મહારાજે કહ્યું કે, 'કેમ મૂળુ ખાચર, તમે હોકો તથા અફીણ મૂકી દીધું; તે શું સુરા ખાચરે ઉપદેશ કર્યો કે શું ?' ત્યારે મૂળુ ખાચર કહે, 'ના મહારાજ, એ તો આપના પ્રતાપથી મુકાયું છે. તેમાં એક વ્યસન હોકો, તે કુસંગીના વચનથી ફોડ્યો અને બીજું વ્યસન અફીણ, તે સત્સંગીના શબ્દથી મેલ્યું.' તે સાંભળીને શ્રીજીમહારાજ બહુ જ રાજી થયા.

વહાલા ભક્તો ! આજે પણ મહારાજ આપણને મળેલા સંતો-ભક્તોમાં રહીને ઘણું બધું કહેતા હોય છે. તે આપણે સવળું લઈને પોતાનામાં રહેલા સ્વભાવ-દોષો ઉપર દાઝ કરીને સંતો-ભક્તોમાં હેત, વિશ્વાસ અને હિતકારીભાવ રાખી પોતાના દોષો-સ્વભાવ છોડીને મહારાજને રાજી કરીએ.

# હમદર્દી કે હમ દર્દી

લેખક : સાધુ સંકીર્તનદાસ  ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



દુનિયામાં અનેક પ્રકારના દર્દોથી માણસો પીડાય છે; પણ તે તમામ દર્દોમાં કોઈ સ્નેહીઓની સહાનુભૂતિ મળે કે હુંફાળી હમદર્દી મળે, તો તે દર્દમાંથી માણસ બમણી ગતિથી બેઠો થાય. પણ કોઈ ફ્રેક્ચરના દર્દીને ટેમ્પરરી આપેલ લાકડીનો ટેકો તે ક્યારેય છોડે જ નહિ તો આજીવન પગભર ચાલી ન શકે, તેમ કોઈના તરફથી મળતી સહાનુભૂતિ અને સરભરાની આદત પડવા લાગે ત્યારે તે હમદર્દી જ એક વિચિત્ર પ્રકારના દર્દને જન્માવે છે; જે વ્યક્તિને હંમેશાં બિચારાપણાના બોજમાં જ દબાવેલો રાખે છે. આવો જ એક બિચારો એટલે સત્યમ...

૨૮ વર્ષનો આ યુવક નાનપણથી સામાન્ય કુટુંબમાં ઉછરેલો, પણ દયાના દુરુપયોગની આદત પહેલેથી. કોઈ પણ મુશ્કેલીમાં મુકાય એટલે ગરીબડો ચહેરો અને સુંદર બહાનું તૈયાર જ હોય.

સ્કૂલે લેશન કર્યા વિના મોડો પહોંચે તો શિક્ષક પાસે, “મારા ઘરે વીજળી નથી, મારે રાત્રે ભણવું મુશ્કેલ છે.” આમ કહીને છૂટી જતો.

પરીક્ષામાં ઓછા માર્ક્સ આવે તો, “મારા પિતાજી બીમાર છે, માટે વાંચવા માટે સમય જ નથી મળતો.”

નોકરી ન મળે તો, “આજકાલ કોમ્પિટિશન જ બહુ છે. આપણો નંબર લાગે એવું લાગતું જ નથી.”

આમ, સત્યમ જેને તેને પોતાની વ્યથાઓ સંભળાવ્યા કરતો. અને લોકો પણ તેને બિચારો સમજીને શરૂઆતમાં થોડી થોડી મદદ કરવા લાગ્યા. મહેનત વિના મળતી આ મદદ સત્યમને મીઠી લાગતી. અને ખરેખર જ્યાં તે સંઘર્ષ કરી સફળ થઈ શકે તેમ હતો ત્યાં પણ આ સહાનુભૂતિની લતને કારણે ઓશિયાળો થઈ બેસી રહેતો. ધીરેધીરે લોકોને તેની મુરાદનો ખ્યાલ આવતાં તેનાથી કંટાળી ભાગતા.

એક દિવસ સત્યમની માતા ખૂબ બીમાર પડી. ડોક્ટરે કહ્યું કે, “તેને તુરંત સારવારની જરૂર છે, નહિ તો જીવ જોખમાઈ શકે.” સત્યમ એકદમ ગભરાયો, “હું શું કરીશ ? મારી પાસે તો એક પૈસો

નથી. કોણ મારી મદદ કરશે ?" જેની પાસે મદદ માંગે તે સહાનુભૂતિ આપી છૂટી જતા. છેવટે સત્યમ એક જૂના મિત્ર આનંદ પાસે મદદ માંગવા ગયો, પણ આનંદ તેની નબળાઈ સારી રીતે જાણતો હતો. તેણે સત્યમને સહાનુભૂતિના શબ્દોને બદલે સખત સત્ય જ કહી દીધું.

આનંદ : સત્યમ, તું હંમેશાં તારી જાતને બિચારો બતાવ્યા કરે છે, પણ એ તારા માટે જ ખતરનાક છે. તારે સહાનુભૂતિ નહિ, જવાબદારી લેવાની જરૂર છે.

સત્યમ : પણ યાર, મારી સિચ્યુએશનને કાંઈક તો સમજ. મારી કિસ્મત જ ખરાબ છે. હું શું કરું ?

આનંદ : બસ, આ જ વાક્ય તને બરબાદ કરી રહ્યું છે. જો હવે તું સહાનુભૂતિ લેવાનું બંધ કરી જવાબદારી લેતા નહિ શીખે, તો યાદ રાખજે એક દિવસ તારી સાથે કોઈ જ નહિ હોય.

સત્યમ માટે આ ઝટકો એક ભૂકંપ જેવો હતો. શું હું ખોટી દિશામાં ચાલતો હતો ? મારી સાથે કોઈ નહિ હોય ? જો સહાનુભૂતિ શોધવાનું હું છોડી દઉં તો ? જો હું જવાબદારી લેવા લાગું તો ? આવા અનેક વિચારોથી સત્યમ રાતભર જાગતો રહ્યો અને સવાર પડતાં જ એણે નિર્ણય લીધો.

હવે હું સહાનુભૂતિ નહિ, તકો શોધીશ.
જ્યાં હું મુશ્કેલીઓ જોતો ત્યાં ઉકેલો શોધીશ.
હું એક જવાબદાર વ્યક્તિ બનીને જ રહીશ.

બસ, આ નિર્ણયે તેના કિસ્મતનો તારો ચમકાવી દીધો. બે મહિના બાદ સત્યમને સારી નોકરી મળી. અને પોતાની માતાના તમામ મેડિકલ બિલ્સ ચૂકવી દીધા. તેની માતા બચી ગઈ અને તેનાથીયે મોટી વાત તેની સહાનુભૂતિની લત છૂટી ગઈ.

ખરેખર સહાનુભૂતિ લેવી કે દેવી તે કોઈ ખરાબ વસ્તુ નથી. તમે થાકીને ઘરે આવો ત્યારે કોઈ સહાનુભૂતિના શબ્દો કહે તો થાક ઊતરી જાય, કોઈ નવા કાર્યની શરૂઆતમાં પ્રોત્સાહન આપવા બળ ભર્યા બે શબ્દો કહે તો હિંમત આવી જાય, મૂંઝવણ વખતે કોઈ એટલું જ કહે કે, "ચિંતા ના કરતા; મહારાજ, પૂ.ગુરુજી અને સંતો-ભક્તો સાથે છે ને..." તો તરત હળવા થઈ જવાય. આમ, સહાનુભૂતિ માણસને પ્રસન્ન રહેવામાં ખૂબ જરૂરી છે. એકબીજાની લાગણી અને પ્રેમના કારણે જ માણસ આનંદમાં રહી શકે છે.

જેમ કોઈની લાગણીને નહિ સમજનારો માણસ ઘણો ક્રૂર અને વિકૃત બની જાય છે, તેવી જ રીતે કોઈની હમદર્દી ઉપર જ નિર્ભર રહેનારો અત્યંત નિર્બળ અને બોજરૂપ બની જાય છે. પછી ધીરેધીરે સૌ તેનાથી કંટાળી દૂર રહેવા ઇચ્છે છે. અને તે વ્યક્તિ પણ, "કોઈ મને બોલાવતું નથી." "મારી સાથે વાત કરવા તૈયાર નથી." "મારા જેવાનું કોણ ?" આવી અપેક્ષાઓથી સતત પીડાય છે. અને અંતે સહાનુભૂતિના સકંજામાં ફસાઈને ઘણી વાર ડિપ્રેશનનો પણ શિકાર બને છે.

વ્યક્તિને હમદર્દીની હેબિટ થવાનાં મુખ્યત્વે ત્રણ કારણો છે.

(૧) કાં તો તે જવાબદારી કે કર્તવ્યથી ભાગવા ઇચ્છતો હોય.
(૨) કાં તો પોતાનું ધાર્યું કરવા કે કરાવવા ઇચ્છતો હોય.
(૩) કાં તો કોઈ પ્રિય પાત્ર પાસેથી પ્રેમ ઇચ્છતો હોય.

જો વ્યક્તિ વિચારે કે, "ક્યાં સુધી હું કોઈની સહાનુભૂતિના સહારે જીવીશ ? અને ક્યાં સુધી કોઈ મને તે આપશે ? હવે તો હું જ મારી જવાબદારી નિભાવીશ. હું જ મને સુધારીશ અને હું જ સૌને સુખરૂપ થઈને જીવીશ." તો તે અણધાર્યું પરિવર્તન, અણધારી પ્રગતિ અને અણધારી પ્રાપ્તિને પામે જ.

સ્વજનો પાસેથી મળતી સહાનુભૂતિના સહારે જીવનમાં આવતા સંઘર્ષોને સહર્ષ સ્વીકારી; તેમાં હિંમત રાખી આગળ વધતા રહીએ અને સૌને સુખરૂપ થવા સ્વબદલાવની તૈયારી કરીએ, તો તે સહાનુભૂતિનો સદુપયોગ કર્યો ગણાય; નહિતર હમદર્દી કે હમ ભી દર્દી...!?



# હરિસ્મૃતિના વિક્ષેપકો

લેખક : સાધુ આત્મીયસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

યુવાવૃંદની પરસ્પરની જામેલી ગોષ્ઠીમાં એક ટોપિક ખૂબ સરસ રીત ચર્ચાયો. ટોપિક હતો – "હરિસ્મૃતિના વિક્ષેપકો." આ વિશદ ચર્ચામાં ભગવાન ભૂલી જવાની સંભાવના ક્યાં ક્યાં છે ? આપણે ક્યાં ક્યાં વધુ સાવધાન થવું જોઈએ ? આ અંગેનાં યુવકોનાં મંતવ્યો અને અનુભવો લેવાયાં. વધુમાં ભગવાન ભુલાવાનાં સ્થળો, પરિસ્થિતિઓ, કારણો, નુકસાનો વગેરે બાબતોની ચર્ચામાં પણ યુવકોને ખૂબ આનંદ આવ્યો. ચર્ચાને અંતે તેનું સારરૂપ સંકલન તૈયાર કરવામાં આવ્યું. તેમાં જે તે યુવકોએ રજૂ કરેલ પોતાના અનુભવોનો ટૂંકો સારાંશ લખવામાં આવ્યો. બીજે દિવસે સંતોની આજ્ઞાથી શ્રીહરિની સમીપે લઈ જનારી આ બધી અદ્ભુત સામગ્રી યુવા સંચાલક દ્વારા તમામ યુવકોને વોટ્સએપના માધ્યમે ગ્રુપમાં મોકલવામાં આવી. ગોષ્ઠીમાં ગેરહાજર મિહિર પોતાના મોબાઈલમાં આ સામગ્રીનો લાભ પામી ખૂબ ખુશ થયો. હવે તે એમાં રહેલ લખાણ વાંચી રહ્યો છે. તો ચાલો, આ પ્રસંગે આપણે પણ મિહિરના મિત્ર બનીને તેની બાજુમાં બેસી જઈએ ને એ અદ્ભુત વાતોથી લાભાન્વિત થઈએ.

પ્રીત : મેં સાંભળ્યું છે કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચેય વિષયોની એવી ભયંકરતા છે કે એ ભગવાન ભૂલવાડે જ છે. અરે, એકાદ વિષયમાં આપણી વૃત્તિઓ લોભાય જાય-ખૂંતી જાય તોપણ એ બહુ જ માઠું પરિણામ લાવે છે. આ અંગે મારા માટે ભગવાન ભુલાવનારો મુખ્ય વિષય કહું તો એ છે - રસાસ્વાદ. જે દિવસે મારું ભાવતું મેનુ હોય તે દિવસે સવારથી જ મારી વૃત્તિઓ એમાં ખર્ચાવા લાગે છે. પીરસેલ થાળી સામે આવે ત્યારે તો તેમાં એટલા રસબસ થઈ જવાય છે કે કોળિયે કોળિયે મહારાજ સંભારવાનો મારો ઠરાવ ભાંગીને ભૂકો થઈ જાય છે; માટે મને લાગે છે કે અહીં સૌથી વધુ સાવધાન રહેવાની જરૂર છે.

સાગર : મને મારો એવો અનુભવ છે કે જ્યાં સુધી આપણાં મનમાં 'બીજા મને કેવો માનતા હશે ? મારે વિશે શું વિચારતા હશે ?' એમ રહે ત્યાં સુધી એ દેહભાવના વિચારોમાં આપણા મનની વૃત્તિ પ્રવૃત્ત રહેતાં ભગવાન ભુલાય છે. આપણી વૃત્તિ આવા દૈહિક ભૂમિકાના વિચારોમાં એક વાર એંગેજ થઈ ગઈ પછી કોઈ કાળે ભગવાનમાં રહેતી જ નથી. માટે જો સ્મૃતિની કન્ટીન્યુઈટી જાળવવી હોય તો પોતાને અને સામાને દેહથી અલગ આત્મા માન્યા વગર છૂટકો જ નથી.

વિશાલ : મેં ભગવાન ભુલાવાના મારા બે ઠેકાણાં માર્ક કર્યાં છે તે કહું... એક તો ઘરમાં રહેલો અરીસો. પહેલાં તો હું જતાં-આવતાં અનેક વાર મોઢું જોયા કરતો. દિવસમાં ૧૦ વાર વાળ ઓળીને સરખા કર્યા કરતો. ગાલ પર રહેલ ફોલ્લીઓ જોઈને દુ:ખી થતો, પરંતુ પ્રીતેશભાઈની કૃપા; એમણે મને આમાંથી બારો કાઢી નાંખ્યો. બીજી બાબત... ફોટો-વિડિયો. આમ તો આ ફોટો-વિડિયો મને સવારની કથામાં જાગતો રાખે છે, પણ અંદરથી જગાડી દેનાર સરને ખૂબ થેંક્યૂ. સરે મને આ બાબતે ટકોર કરી. પહેલાં તો મારી બાજુમાંથી પસાર થનાર ફોટોગ્રાફર મારી વૃત્તિઓ તાણી લેતા. વળી, મારા તરફ વિડિયો આવે કે તરત હું સીધો થઈ જતો; પરંતુ દેહભાવ દૃઢ કરાવી ભગવાન ભુલાડનાર આ પરિબળ ઓળખાતાં હવે તેમાં ઘણો સુધારો થયો છે.

પ્રિયાંશ : શાકમાર્કેટથી પસાર થતાં મારી વૃત્તિ રોજ ચૂંથાઈ જતી. એ ઘોંઘાટના વાતાવરણમાં ભગવાન ભૂલાઈ જતા. પરંતુ મિત્ર સાથેના સ્મૃતિ રાખવાના ઠરાવથી અને તેની મદદથી એક ટ્રીક ફાવી ગઈ. હવે હું ક્યારેક મહારાજને મારી બાઈકમાં પાછળ બેસાડી લઉં ને ક્યારેક તો એમને જ ડ્રાઈવિંગ સોંપી દઈને હું પ્રભુની પાછળ બેસી જાઉં. આ અભ્યાસના અનુસંધાને હવે વાંધો નથી આવતો; સ્મૃતિ રાખવામાં આગળ વધાય છે. આ અનુભવને આધારે તો અમે કેટલાક મિત્રોએ સ્મૃતિવર્ધક એક કોષ્ટક પણ બનાવી લીધું છે. જેમાં કઈ ક્રિયામાં, કેવી રીતે, કેટલી વાર ભગવાન સંભારી લેવા એ નક્કી કર્યું છે; ખૂબ જ ફાયદો થાય છે.

હર્ષ : મેં મારામાં જોયું તો એવું લાગ્યું કે મોટાભાગનો મારો સમય 'હું સાચો છું.' 'મારો વાંક નથી.' – આવો તેવો પોતાનો બચાવ કરવામાં તેમજ મારી આવડત, ગુણો કે કાર્યના પ્રદર્શનમાં જ જતો હોય છે. વળી, માન કે આબરૂ જવાનો ભય આવી પડે ત્યારે તો એ ભય એટલો બધો હાવી થઈ જતો હોય છે કે તે ભગવત્સ્મૃતિને દાબી દે છે. આમ, અહંરક્ષણ અને અહંવિસ્તરણ મારા માટે હરિવરની સ્મૃતિમાં આડા ગઢરૂપ છે. સંતસમાગમ કરી સાચી સમજણ કેળવવાની કોશિશ કરું છું. તમે બધા મારા માટે પ્રભુને પ્રાર્થના કરજો કે આ મારી ખોટ જલ્દી ટળી જાય; મારો બધો સમય બચી જાય ને ભગવાનમાં જોડાયેલા રહેવાય.

આકાશ : આ બાબતે મારો પણ અનુભવ કહું... કોઈએ મારું અપમાન કર્યું હોય ત્યારપછીના મારા ઘણાક કલાકો બગડે છે. મારા અહંને સ્પર્શતી વાત અને વ્યક્તિઓના વિચારોમાં હું એટલો બધો ખૂંતી જાઉં છું કે એના સંકલ્પોમાં મનની વૃત્તિ પ્રવૃત્ત રહેતાં કલાકો સુધી ભગવાન ભુલાય છે. ઈવન ત્યાં સુધી કે ક્યારેક તો સવારની પૂજા કે માનસીપૂજા પણ બગડે છે. છેવટે આ બાબતે સંતો-ભક્તોની મદદથી એટલું સ્પષ્ટ થયું છે કે સૂક્ષ્મ શરીરથી છૂટા પડ્યા વિના – શબ્દોને આકાશનો ભાગ માન્યા વિના ભગવાનમાં જોડાયેલા નહિ રહી શકાય.

મનોજ : હું મોટેભાગે વ્યાવહારિક ગૂંચવણ અને સાંસારિક જવાબદારીના બોજમાં ભગવાન ભૂલી જતો, પણ હમણાંથી સંતોને મળીને મેં વ્યાવહારિક પરિસ્થિતિની અસરમાં ન આવતાં સમજણના સહારે સ્વસ્થ રહેવાનો અભ્યાસ શરૂ કર્યો છે. આ અભ્યાસથી ફાયદો થયો છે. વળી, આ સિવાય આવેગાત્મક ક્રિયા કરવામાં, ખોટી ઉતાવળમાં અને લોહવાટમાં ભગવાન ભુલાય છે. એમાં પણ જ્યારે ધીરજ અને સ્થિરતા ચુકાય છે ત્યારે તો મારે અવશ્ય ભગવાન ભુલાય જ જાય છે. પૂ.ગુરુજીની એક વાતથી આ બાબતની મારી કસર મને સ્પષ્ટપણે દેખાઈ આવી છે કે, જો ખરેખર મારા ધ્યેયમાં ભગવાન જ હોય તો દરેક ક્રિયા કરતી વખતે એક વૃત્તિ મહારાજમાં રહે જ; રહેવી જ જોઈએ. આ વાતથી મને સમજાય છે કે, મારે ભગવાન ભુલાવાનું મુખ્ય કારણ ધ્યેયશુદ્ધિ નથી એ જ છે.

દીપ : એક વાત મને બહુ જ સ્પર્શી છે. આ માર્ગમાં પોતાના ગુણો તેમજ કાર્યોના ફળરૂપે મળનાર કીર્તિ-પ્રશંસા એટલે કે વખાણ સ્લો એન્ડ સ્વીટ પોઈઝન છે. તેનો યશ ભોગવી લેવામાં દાળિયાએ ઘર ઘાલ્યા જેવું થાય છે. અરે, ભવિષ્યમાં મળનાર યશ વાગોળવામાં પણ એટલું જ ઝેર ચડી જાય છે. એક વાર યશનું સુખ ભોગવાઈ ગયું પછી ભગવાનનું સુખ નથી આવતું. માટે મને તો શ્રીહરિની વિસ્મૃતિ કરાવનાર મોટું પરિબળ ભગવાન સિવાયના સુખો ભોગવી લેવા એ જ જણાય છે.

મિહિરભાઈનો ઉપસંહાર : આ ચર્ચામાં તમામ યુવકોએ ખુલ્લા દિલે ભાગ લઈ ખૂબ જ નિખાલસપણે પોતાના અનુભવો રજૂ કર્યા છે. સ્મૃતિમાં વિક્ષેપ કરનાર બાબતો હાઈલાઈટ થવાથી આ અંગેની ઘણી ઘણી સાવધાની મળી છે. આવો ટોપિક આપવા બદલ પૂ.સ્વામીને ખૂબ ખૂબ થેંક્યૂ. આમાંથી શીખ લઈ હવે આપણે સ્મૃતિનો અભ્યાસ વધારીને મહારાજને રાજી કરીશું.

વહાલા ભક્તો ! આ બધી વાતો તો યુવાવંદના સ્વાનુભવની છે; તે આપણને થોડી ઘણી તો કામ લાગશે જ; પરંતુ આ અંગે આપણો પોતાનો કેવો સ્વાનુભવ છે ? આપણી પાસે પણ આવું કાંઈક આપણું પોતાનું લિસ્ટ હોવું જોઈએ કે જેનાથી આપણને હરિસ્મૃતિમાંથી તોડનાર પરિબળો કે પરિસ્થિતિ સામે આવતાં આપણે વધુ સાવધાન થઈ જઈએ. એવી જ રીતે ભગવત્સ્મૃતિ કરાવનારી કેટલીક ટેક્નિકો પણ શોધી લેવી જોઈએ કે જેના દ્વારા આપણે પોતાના અભ્યાસમાં આગળ વધી શકીએ. આ જ જન્મે ભગવાન પામી જવાના આપણા ઠરાવમાં સફળતા મેળવી શકીએ...


# સત્સંગ સમાચાર

## ● જ્ઞાનયજ્ઞ સપ્તાહ એવં પાવનકારી પદયાત્રા-શ્રીસ્વામિનારાયણ સત્સંગ હોલ, મૂર્તિબાગ-સુરત










શ્રીસ્વામિનારાયણ સત્સંગ હોલ, મૂર્તિબાગ-સુરત ખાતે શ્રીનારાયણમુનિ દેવની કૃપા અને પ.પૂ.સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી વિ.સ.૨૦૮૧ તા.૦૪/૦૩/૨૫ થી ૧૦/૦૩/૨૫ દરમિયાન 'જ્ઞાનયજ્ઞ સપ્તાહ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા.૦૪/૦૩/૨૫ના રોજ સપ્તાહના યજમાનોમાં મોટા ભાઈ પ.ભ.પ્રવિણભાઈ જેઠાભાઈ ગાબાણીના ઘરેથી નીકળેલ પોથીયાત્રામાં તમામ આબાલ-વૃદ્ધ ભાઈઓ-બહેનો નાચતાં-કૂદતાં આનંદ અને ઉત્સાહ સાથે પોથીયાત્રામાં જોડાયાં હતાં. તેમાંય બહેનોએ લીધેલ મહાકુંભના કળશની શોભા તો આ પ્રસંગે કાંઈક અનેરી હતી...!! અંતે પોથીયાત્રા કથાસ્થળ કેશવ ફાર્મ ખાતે પહોંચી. ત્યારબાદ પૂ.નારાયણમુનિદાસજી સ્વામી(મુનિબાપા)ની સાથે પ.ભ.પ્રવિણભાઈ જે.ગાબાણી, પ.ભ.ઘનશ્યામભાઈ જે. ગાબાણી, પ.ભ.કુલદીપ તેમજ પ.ભ.પ્રાગજીભાઈ શેઠ, પ.ભ.કાળુભાઈ ઉગામેડી, પ.ભ.પ્રેમજીભાઈ શેટા, પ.ભ.પ્રેમજીભાઈ પુરાણી વગેરે દ્વારા દીપપ્રાગટ્ય થયું. પછી આ સપ્તાહનો શુભારંભ થયો હતો.

આ જ્ઞાનયજ્ઞ સપ્તાહ દરમિયાન દરરોજ રાત્રે પૂ.ગુરુજીએ 'શ્રીહરિ વનવિચરણ કથા' તથા દરરોજ સવારે પૂ.દયાળુ સ્વામીએ સદ્ગુરુ દયાનંદ સ્વામી વિરચિત 'શ્રીહરિચરિત્રચિંતામણિ' ગ્રંથની કથાનું રસપાન કરાવી હજારો હરિભક્ત ભાઈઓ-બહેનોના અંતરમાં શ્રીહરિજી મહારાજમાં હેત કરવાનું માધ્યમ પૂરું પાડ્યું હતું. આ જ્ઞાનયજ્ઞ સપ્તાહ દરમિયાન સંહિતાપાઠના વક્તા પૂ.ધર્મસ્વરૂપદાસજી સ્વામી(ભાવિલા સ્વામી) અને પૂ.નિર્મળદાસજી સ્વામીએ અનુક્રમે ભક્તચિંતામણિ અને શ્રીહરિચરિત્રચિંતામણિ ગ્રંથનો સંપૂર્ણ પાઠ કર્યો હતો.

આ ઉપરાંત જ્ઞાનયજ્ઞ અંતર્ગત તા.૦૯/૦૩/૨૫ ને રવિવારના રોજ પ.પૂ.ગુરુજીની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ સત્સંગ હોલ, મૂર્તિબાગથી શ્રીસ્વામિનારાયણ મંદિર-રામપુરા અને વળી શ્રીસ્વામિનારાયણ મંદિર, રામપુરાથી મૂર્તિબાગ પરત; એમ બેવડી પાવનકારી પદયાત્રાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

સવારની મંગળા આરતીના દર્શનનો અલૌકિક લાભ લઈ જુદા જુદા ત્રણ રથમાં બિરાજીત શ્રીહરિજી મહારાજનું પૂ.ગુરુજીએ પૂજન-આરતી કરી ૬:૧૦ કલાકે આ પાવનકારી પદયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. પૂ.ગુરુજી, પૂ.સંતો તેમજ આબાલ-વૃદ્ધ સૌ હરિભક્ત ભાઈઓ-બહેનો આ પદયાત્રામાં જોડાયાં હતાં. અખંડ હરિનામનું રટણ કરતાં કરતાં ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મેળવતા સૌ પદયાત્રીઓ ભગવાનમાં પ્રેમભાવથી જોડાઈ ગયાં હતાં. રામપુરા મંદિરે જતાં રસ્તામાં પ.પૂ.સદ્.શ્રીપ્રભુચરણદાસજી સ્વામી (વેડરોડ)એ વહાલા મહારાજ, પૂ.ગુરુજી તેમજ સંતોનું પૂજન કર્યું હતું. ૭:૧૦ કલાકે પદયાત્રા શ્રીસ્વામિનારાયણ મંદિર, રામપુરાના પ્રાંગણમાં પહોંચી. પદયાત્રીઓએ મંદિરમાં દેવોની શણગાર આરતીનાં દર્શન કર્યાં. ત્યારબાદ રામપુરા મંદિરેથી મૂર્તિબાગ પુનઃ પદયાત્રાનો પ્રારંભ કર્યો અને ૮:૫૦ કલાકે આ પદયાત્રા શ્રીસ્વામિનારાયણ સત્સંગ હોલ, મૂર્તિબાગ પહોંચી. આમ એકસાથે બે પદયાત્રાનું અનોખું આયોજન થયું. ત્યારબાદ

શ્રીસ્વામિનારાયણ સત્સંગ હોલ, મૂર્તિબાગે પૂ.દયાળુ સ્વામીએ સવારની કથાનો લાભ આપ્યો હતો. અંતમાં સૌ પદયાત્રીઓએ વહાલા મહારાજના મહાપ્રસાદનો લાભ લઈ અખંડધૂનનો પણ અલભ્ય લાભ લઈ ધન્ય બન્યા હતા. વળી, સાંજે પૂ.ગુરુજીએ રવિસભામાં સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામીકૃત 'ધીર ધુરંધરા શૂર સાચા ખરા...' પદ વિવેચન દ્વારા પ્રત્યક્ષ તથા યુ-ટ્યૂબ અને ઝૂમના માધ્યમે હજારો હરિભક્ત ભાઈઓ-બહેનોને ભગવાનમાં જોડ્યાં હતાં.













આ સપ્તાહની પૂર્ણાહુતિ પ્રસંગે પૂ.મુનિબાપા અને પૂ.ભાવિલા સ્વામીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અને અંતમાં પૂ.ગુરુજીએ સુરતના ભક્તોની નિષ્ઠા, એકતા, આત્મીયતા, શ્રદ્ધા, ઉમંગ અને ઉત્સાહ જોઈને ખૂબ રાજીપો અને આશીર્વાદ આપ્યા હતા. આ સમગ્ર જ્ઞાનયજ્ઞ સપ્તાહના યજમાનપદનો લાભ પ.ભ.શ્રીપ્રવિણભાઈ જે. ગાબાણી, પ.ભ.શ્રીઘનશ્યામભાઈ જે. ગાબાણી તથા પ.ભ.કુલદીપકુમાર ગાબાણી પરિવારજનોએ લીધો હતો.

## ● ઉદ્ઘાટન સમારોહ : શ્રીસ્વામિનારાયણ સત્સંગ હોલ, ભજનબાગ-સુરત

શ્રીહરિજી મહારાજમાં જોડાવા, સત્સંગ કથા-વાર્તા, ધ્યાન-ભજન કરવામાં વિશેષ શાંતિ અને સુખ મળે એવા શુભ આશયથી વહાલા મહારાજની કૃપા-આશીર્વાદ અને પ.પૂ.સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી સુરતના વરાછા વિસ્તારમાં ભાઈઓ અને બહેનો માટે બે અલગ અલગ શ્રીસ્વામિનારાયણ સત્સંગ હોલ તૈયાર કરવામાં આવ્યા. જેના લોકાર્પણ માટે વિ.સં.૨૦૮૧ ફાગણ સુદ-૬, બુધવાર તા.૦૫/૦૩/૨૫ના રોજ ઉદ્ઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉદ્ઘાટન પ્રસંગે પૂ.ગુરુજી આખા સંતમંડળ સાથે પધાર્યા હતા. પૂ.ગુરુજીના કરકમળો દ્વારા રીબન કટીંગ અને પૂ.ધર્મસ્વરૂપદાસજી સ્વામી(ભાવિલા સ્વામી) દ્વારા શ્રીફળ વધેરી ભાઈઓના હોલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. પૂ.ગુરુજીએ વહાલા રાજાધિરાજ મહારાજનું પૂજન કર્યું હતું. પૂ.ગુરુજી અને પૂ.નારાયણમુનિદાસજી સ્વામી(મુનિબાપા)એ રાજાધિરાજ મહારાજને જનમંગલ સ્તોત્રના સથવારે પુષ્પપાંખડી અને તુલસીપત્રથી વધાવ્યા અને પછી આરતી ઉતારી. એ જ રીતે પૂ.ગુરુજી અને પૂ.મુનિબાપાના કરકમળો દ્વારા શ્રીફળ વધેરી,








પૂ.ભાવિલા સ્વામીના હસ્તે રીબન કટીંગ કરીને બહેનોના હોલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. પૂ.ગુરુજીએ રાજી થઈ બહેનોના હોલમાં બિરાજિત કરાયેલ વહાલા ઘનુ મહારાજનું 'મનમોહક ઘનશ્યામ મહારાજ' આવું સુંદર માનાભિધાન કરી આપ્યું હતું. પછી પૂ.ગુરુજી, પૂ.મુનિબાપા અને પૂ.ભાવિલા સ્વામીએ પુષ્પવૃષ્ટિ કરી પૂજન કરી આરતી ઉતારી હતી.

આ પ્રસંગે પૂ.ગુરુજીએ કથા-વાર્તાનો પણ સુંદર લાભ આપ્યો હતો. સાથેસાથે આ હોલમાં તન-મન-ધનથી યથાશક્તિ યોગદાન આપી સેવા કરનાર સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે પૂ.મુનિબાપા અને પૂ.ભાવિલા સ્વામીએ પણ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ભક્તોએ ભાવનાની ભીનાશથી અને પ્રેમથી પ્લાવિત તૈયાર કરેલ અન્નકૂટની આરતી-દર્શનનો પણ અનેરો લાભ લીધો હતો. વળી, પૂ.દયાળુ સ્વામી અને પૂ.વહાલા સ્વામીના કરકમળો દ્વારા રીબન કટીંગ કરી સાહિત્ય સ્ટોલનું પણ ઓપનિંગ કરવામાં આવ્યું. અંતમાં પૂ.ગુરુજી સાથે સમગ્ર સંતમંડળની પંક્તિના અલૌકિક દર્શન અને મહાપ્રસાદનો લાભ લઈ સૌ ભક્તો ધન્ય બન્યા હતા.

## ● સપ્તાહ પારાયણ : શ્રીસ્વામિનારાયણ સત્સંગ હોલ, ભજનબાગ-સુરત

શ્રીસ્વામિનારાયણ સત્સંગ હોલ, ભજનબાગ-સુરત ખાતે શ્રીનારાયણમુનિ દેવની કૃપા અને પ.પૂ.સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી વિ. સં.૨૦૮૧ તા.૧૦/૦૩/૨૫ થી ૧૬/૦૩/૨૫ દરમિયાન 'સપ્તાહ પારાયણ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા.૧૦/૦૩/૨૫ના રોજ ઘનશ્યામભાઈ જગાભાઈના ભાણેજ પ.ભ.બીપીનભાઈ લીંબાણી (સણોસરાવાળા)ના ઘરેથી વાજતે ગાજતે પોથીયાત્રા નીકળી કથાસ્થળ ભજનબાગે પહોંચી હતી. ત્યારબાદ પૂ.ધર્મસ્વરૂપદાસજી સ્વામી(ભાવિલા સ્વામી)ની સાથે રહી યજમાનશ્રી પ.ભ.ઘનશ્યામભાઈ જગાભાઈ ગાબાણી, પ.ભ.ભગવાનભાઈ પ્રેમજીભાઈ ગાબાણી, પ.ભ.કિશનભાઈ તથા પ.ભ.ઘનશ્યામભાઈએ













દીપપ્રાગટ્ય કરી સપ્તાહ પારાયણનો શુભારંભ કરાવ્યો હતો.

આ સપ્તાહ પારાયણ દરમિયાન દરરોજ રાત્રે પૂ. ગુરુજીએ 'શ્રીહરિ વનવિચરણ કથા' તથા દરરોજ સવારે પૂ.દયાળુ સ્વામીએ સદ્‌ગુરુ દયાનંદ સ્વામી વિરચિત 'શ્રીહરિચરિત્રચિંતામણિ' ગ્રંથની કથાનું રસપાન કરાવી હજારો આબાલ-વૃદ્ધ હરિભક્ત ભાઈઓ-બહેનોને શ્રીહરિમાં જોડ્યાં હતાં. આ સપ્તાહ દરમિયાન સંહિતાપાઠના વક્તા પૂ.ત્યાગવલ્લભદાસજી સ્વામી તથા પૂ.અખિલજીવનદાજી સ્વામીએ શ્રીહરિચરિત્રચિંતામણિ અને ભક્તચિંતામણિ ગ્રંથનો સંપૂર્ણ પાઠ કર્યો હતો.

આ સપ્તાહ પારાયણ અંતર્ગત તા.૧૪/૦૩/૨૫ના રોજ ધુળેટીના પાવન પર્વે પૂ.ગુરુજીની પ્રેરણાથી 'આત્મીય સભા-૧૨૨ અને રંગોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂ.વહાલા સ્વામી તથા પ.પૂ.ગુરુજીએ આત્મીય સભા-૧૨૨નો અનોખો લાભ આપ્યો હતો. જેમાં દેહભાવે, આત્મભાવે, બ્રહ્મભાવે અને ધામભાવે સ્મરણના ભેદ બતાવી ભગવાનમાં અખંડવૃત્તિ રાખી ભગવાનમય થવાની સુંદર વાતો કરી હતી. તે જ દિવસે બપોરે પ્રસાદ લીધા બાદ સુરત ખાતે આવેલ ભજનબાગમાં અદ્‌ભુત તૈયાર કરાયેલ મંચ પર હૃદયેશ્વર રાજાધિરાજ મહારાજ હાથમાં દિવ્ય પિચકારી લઈ માયાનો રંગ ઉડાડી તેમની મૂર્તિનો રંગ લગાડવા થનગની રહ્યા ન હોય ! તેવું સુંદર દૃશ્ય ખડું કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ પૂ.ગુરુજી સાથે સંતોએ પધારી રાજાધિરાજ મહારાજનું પૂજન કર્યું. ત્યારબાદ પૂ.ગુરુજીએ રાજાધિરાજ મહારાજનો વિવિધ રંગોના જળથી, કેસરિયા જળથી અભિષેક કરી અનોખા દર્શનનો લાભ આપ્યો હતો. પછી વહાલા મહારાજને પૂ. ગુરુજીએ રંગ છાંટી રંગોત્સવનો પ્રારંભ કરાવ્યો અને મહારાજે સૌને પોતાના પ્રેમમય રંગથી રંગી દીધા.

પછી પૂ.સંતો પણ મંચ ઉપર પધાર્યા. વહાલા મહારાજ, પૂ.ગુરુજી અને સંતો દ્વારા તમામ ભક્તો ઉપર રંગની અમીવર્ષા શરૂ થઈ. આ રંગોત્સવ જાણે અક્ષરધામમાં થઈ રહ્યો હોય એમ દિવ્યભાવ રાખતા ભક્તોને એવો આનંદ પ્રાપ્ત થયો. આ દિવ્ય રંગોત્સવના દર્શનનો લાભ લઈ ઉપસ્થિત સૌ સંતો-ભક્તો અને યુ-ટ્યૂબના માધ્યમે હજારો હરિભક્તો ધન્ય બન્યા હતા. આ રંગોત્સવના યજમાનપદની સેવાનો લાભ પ.ભ.શ્રીજયેશભાઈ શામળદાસ પટેલ-શિકાગોવાળાએ લીધો હતો.

વળી, તા.૧૬/૦૩/૨૫ ને રવિવારના રોજ શ્રીસ્વામિનારાયણ સત્સંગ હોલ-ભજનબાગ, સુરતથી શ્રીસ્વામિનારાયણ મંદિર, રામપુરા સુધીની 'પાવનકારી પદયાત્રા'નું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. સવારની મંગળા આરતીના દિવ્ય દર્શનનો લાભ લઈ જુદા જુદા ત્રણ

















રથમાં બિરાજીત શ્રીહરિજી મહારાજનું પૂજન-આરતી કરી પૂ.ગુરુજીએ પદયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. શ્રીસ્વામિનારાયણ મહામંત્રનું અખંડ સ્મરણ કરતાં કરતાં ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મેળવતા હજારો હરિભક્ત ભાઈઓ-બહેનોએ આ પદયાત્રાનો અલૌકિક લાભ લીધો હતો. આ પાવનકારી પદયાત્રામાં યુ-ટ્યૂબના માધ્યમે પણ હજારો ભક્તો અખંડ જોડાયેલા રહ્યા હતા. રામપુરા નિજમંદિરમાં બિરાજમાન શ્રીનારાયણમુનિ દેવ, શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીરાધાકૃષ્ણજી આદિક દેવોનાં દર્શન કરી સહુ ભક્તો પાવન બન્યા હતા. ત્યાંથી આઈસર-ટેમ્પોના સથવારે તમામ હરિભક્ત ભાઈઓ-બહેનો ભજનબાગ હોલે પરત પધાર્યા. ત્યાં પૂ.દયાળુ સ્વામીએ શ્રીહરિચરિત્રચિંતામણિ ગ્રંથની કથાનું રસપાન કરાવ્યું હતું. અંતમાં મહાપ્રસાદનો લાભ લઈ મોટાભાગના ભક્તોએ અખંડધૂનનો લાભ પણ લીધો હતો.

તે જ દિવસે સાંજે રવિસભાના માધ્યમે પૂ.ગુરુજીએ સદ્.શ્રીમુક્તાનંદ સ્વામીકૃત ‘ધીર ધૂરંધરા શૂર સાચા ખરા...’ પદવિવેચનના માધ્યમે ભગવાનના ભક્તને ભગવાનની ભક્તિ કરવામાં આત્મજ્ઞાન, વૈરાગ્ય અને ધર્મ અંતરાય કરે તો તેને ગૌણ કરી ભગવાનની ભક્તિનું જ મુખ્યપણું રાખવા જેવી પ્રભુમાં જોડાવા માટેની સુંદર વાતો કરી આધ્યાત્મિક પોષણ પૂરું પાડ્યું હતું.

ત્યારબાદ તે જ દિવસે રાત્રે રાસોત્સવનો પણ અનેરો લાભ પ્રાપ્ત થયો હતો. તેમાં સુરતના ભક્તોએ વિવિધ વેશભૂષા ધારણ કરી રાસ લઈ વહાલા મહારાજ, પૂ.ગુરુજી અને સંતો-ભક્તોને અલૌકિક આનંદ આપ્યો હતો. એમાં પૂ.સંતોના દિવ્યરાસે તો સપ્તાહ પારાયણને કળશ ચડાવી દીધો હતો...!!!

આ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે સુરતના તમામ હરિભક્ત ભાઈઓ-બહેનોની આત્મીયતા, સંપ, નિષ્ઠા, એકતા, ભક્તિ, સેવા વગેરે જોઈને પૂ.ગુરુજીએ દિલનો અઢળક રાજીપો આપી આશીર્વાદ વરસાવ્યા હતા. આ સમગ્ર સપ્તાહ પારાયણના યજમાનપદનો લાભ પ.ભ.શ્રીઘનશ્યામભાઈ જગાભાઈ ગાબાણી તથા પ.ભ.શ્રીભગવાનભાઈ પ્રેમજીભાઈ ગાબાણી પરિવારજનોએ લીધો હતો.

## ● ઉદ્ઘાટન સમારોહ : શ્રીસ્વામિનારાયણ સત્સંગ હોલ, અવતારીબાગ-નવસારી













શ્રીહરિજી મહારાજને ભજન કરી રાજી કરવા તેમજ કથા-વાર્તા-સત્સંગનો સારી રીતે લાભ લઈ શકાય અને વહાલા મહારાજને લાડ લડાવી હેત કરી શકાય; એવા અનોખા વિઝનથી વહાલા હરિવરની કૃપા અને કરુણાથી તથા પૂ. ગુરુજીની પ્રેરણા અને આશીર્વાદથી નવસારી ખાતે તૈયાર થયેલ અવતારીબાગ સત્સંગ હોલનું વિ.સં.૨૦૮૧, ફાગણ સુદ-૧૩ ને બુધવાર તા.૧૨/૦૩/૨૫ના રોજ ઉદ્ઘાટન સમારોહનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અદમ્ય આનંદ, ઉલ્લાસથી નવસારીના ભક્તોએ બેન્ડવાજા સાથે નાચતા-કૂદતા, અખંડ સ્મરણ કરતાં કરતાં વહાલા મહારાજ, પૂ.ગુરુજી અને સંતોને સત્સંગ હોલ સુધી લાવી સ્વાગત-સામૈયું કર્યું હતું. ત્યારબાદ સૌ સભામંડપમાં સભાના રૂપમાં ગોઠવાઈ ગયા. પછી નવસારીના ભક્તોએ વહાલા મહારાજ, પૂ.ગુરુજી અને સંતોનું પૂજન કર્યું. પછી

પૂ.ગુરુજીએ સભામાં ઉપસ્થિત સૌ આબાલ-વૃદ્ધ હરિભક્ત ભાઈઓ-બહેનોને 'જોઈ શોભા સુંદરવર શ્યામ લાલચ લાગી રે...' આ પદવિવેચનના માધ્યમે કથા-વાર્તાનો અલભ્ય લાભ આપ્યો હતો. કથા બાદ પૂ.ગુરુજી, પૂ.સંતો અને ભક્તો સત્સંગ હોલે પધાર્યા. ત્યારબાદ પૂ.ગુરુજી, પૂ.નારાયણમુનિ સ્વામી(મુનિબાપા) અને પૂ.સંતોના કરકમળો દ્વારા રીબન કટીંગ કરી, શ્રીફળ વધેરી હોલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ હોલમાં બિરાજિત વહાલા ઘનશ્યામ મહારાજનું પૂ.ગુરુજી, પૂ.મુનિબાપા, પૂ.ભાવિલા સ્વામીએ પૂજન કરી જનમંગલ સ્તોત્રના સથવારે પુષ્પપાંખડી અને તુલસીપત્રથી મહારાજનો અભિષેક કર્યો. પછી પૂ.ગુરુજીએ નવસારીના ભક્તોની ભાવના, નિષ્ઠા, ઉત્સાહ, સેવા વગેરેથી રાજી થઈ ઘનશ્યામ મહારાજનું 'મનભાવન ઘનશ્યામ મહારાજ' આવું સુંદર નામાભિધાન કરી આપ્યું. પછી આરતી ઉતારી સૌને આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે નવસારીના ભક્તોએ ભાવ-શ્રદ્ધા-પ્રેમથી તૈયાર કરેલ અન્નકૂટ ઘનશ્યામ મહારાજને ધરાવવામાં આવ્યો હતો. જેના આરતી અને દર્શનનો અનેરો લાભ મળ્યો હતો. અંતમાં સંતપંક્તિના દર્શનનો લાભ લઈને મહાપ્રસાદ જમી સૌ ભક્તો ધન્ય બન્યા હતા.

## ● સપ્તાહ પારાયણ, પાવનકારી પદયાત્રા એવં રવિસભા-શ્રીસ્વામિનારાયણ મંદિર, સર્વોપરીનગર-મુંબઈ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી તા.૧૮/૦૩/૨૫ થી ૨૪/૦૩/૨૫ દરમ્યાન શ્રીસ્વામિનારાયણ મંદિર, સર્વોપરીનગર-મુંબઈ ખાતે સપ્તાહ પારાયણનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પારાયણ અંતર્ગત દરરોજ રાત્રે પૂ.ગુરુજીએ 'શ્રીહરિ વનવિચરણ કથા' તથા દરરોજ સવારે પૂ.દયાળુ સ્વામીએ સદ્ગુરુ દયાનંદ સ્વામી વિરચિત 'શ્રીહરિચરિત્રચિંતામણિ' ગ્રંથની કથાનું રસપાન કરાવી હજારો આબાલ-વૃદ્ધ હરિભક્ત ભાઈઓ-બહેનોને શ્રીહરિમાં જોડ્યાં હતાં. પૂ.ગુરુજી અને પૂ.સંતોના સાંનિધ્યે બાળકો, યુવાનો તથા વડીલોને કથા ઉપરાંત ગોષ્ઠી, રમત-ગમત, સેવા, અખંડધૂન જેવા અવનવા કાર્યક્રમોના માધ્યમે સત્સંગ પોષણનો અનેરો લાભ મળ્યો હતો. તા.૨૨/૦૩/૨૫ના રોજ મુંબઈના ભક્તોએ દિલના નિઃસ્વાર્થ ભાવ-પ્રેમ-શ્રદ્ધાથી બનાવેલ અન્નકૂટ શ્રીહરિવરને ધરાવવામાં આવ્યો હતો. જેનાં આરતી-દર્શનનો પૂ.ગુરુજીએ લાભ આપ્યો હતો.

વળી, તા.૨૩/૦૩/૨૫ ને રવિવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, દહીંસરથી શ્રીસ્વામિનારાયણ મંદિર,સર્વોપરીનગર-મુંબઈ સુધીની પાવનકારી પદયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સવારે મંગળા આરતીનો લાભ લીધા બાદ શ્રીસ્વામિનારાયણ મંદિર, દહીંસર નિજ મંદિરમાં બિરાજમાન દેવોની આરતી-દર્શનનો લાભ લઈ પૂ.ગુરુજીએ બે અલગ-અલગ રથમાં બિરાજિત રાજાધિરાજ મહારાજનું પૂજન-આરતી કરી પદયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. સવારે ૬:૩૦ વાગ્યે શરૂ થયેલ આ પદયાત્રામાં પૂ.ગુરુજી સાથે પૂ.સંતો તેમજ આબાલ-વૃદ્ધ હરિભક્ત ભાઈઓ-બહેનો મળીને કુલ ૭૫૭ પદયાત્રીઓ અખંડ પ્રભુસ્મરણ કરતાં કરતાં ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ પ્રાપ્ત કરતાં કરતાં ૮:૩૦ કલાકે શ્રીસ્વામિનારાયણ મંદિર, સર્વોપરીનગર પહોંચ્યા હતા. જ્યાં મુંબઈના નાના-મોટા ભક્તોએ વહાલા મહારાજની આરતી ઉતારવાનો લાભ લીધો હતો. ત્યારબાદ પૂ.દયાળુ સ્વામીએ સવારની કથાનો લાભ આપ્યો હતો. કથાન્તે સૌ પ્રભુપ્રસાદ લઈ ધૂન-ભજનમાં જોડાયા હતા. વળી, તે જ દિવસે સાંજે પૂ.ગુરુજીએ રવિસભાનો પણ લાભ આપ્યો હતો, જેમાં સદ્. શ્રીમુક્તાનંદ સ્વામીકૃત 'ધીર ધૂરંધરા શૂર સાચા ખરા...' પદવિવેચનના માધ્યમે અનેરો લાભ આપ્યો હતો. ત્યારબાદ રાત્રે રાસોત્સવનો પણ અનોખો લાભ મળ્યો. જેમાં પૂ.સંતોના દિવ્ય રાસના દર્શન કરી સૌ ધન્ય બન્યા હતા. અંતમાં પૂ.ગુરુજીએ મુંબઈના તમામ આબાલ-વૃદ્ધ હરિભક્ત ભાઈઓ-બહેનોની સેવા, નિષ્ઠા, મહિમા, આત્મીયતા, સંપ, એકતા જેવા ગુણોથી રાજી થઈ ખૂબ રાજીપો વ્યક્ત કરી રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ સમગ્ર સત્સંગ પારાયણના યજમાનપદનો લાભ મુંબઈના તમામ ભક્તોએ લીધો હતો.







# શ્રીસ્વામિનારાયણ મંદિર–સર્વોપરીનગર મુંબઈમાં થયેલ કાર્યક્રમોની સ્મૃતિઓ...















